જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૩/૧૦/૨૦૧૬ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૭/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી, ૩૫ વ્યક્તિઓને ઝડપી ૧૫૧ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૨૮ ક્વોટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી, ૩૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬,૫૯,૪૫૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૯૩૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૭૪ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા મુજબ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૧૯૩૯/૧૬

**કાલુપુર** : રાજેશભાઇ સીયારામભાઇ અગ્રવાલ (રહે, ટિ.સી.એક્ષ.નોર્થ-૭૩, વૃંદાવન ચોક, ઝંડા ચોક, ગાંધીધામ, જી.કચ્છ) એ તા.૨૨/૧૦/૧૬ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાના મોટા ભાઇ હરીકિશનભાઇ નાઓની શાહીબાગ નિલકંઠ પ્લાઝા ખાતે આવેલ રાજરતન ઇમ્પેક્સમાં છેલ્લા છ માસથી નોકરી કરતો આરોપી પ્રવીણ કુંભારામ જાટ (રહે,જાટોડી ધનીયા ભાટીયા તાઃ રાણીવાડા જી. ઝલોર રાજસ્થાન)એ હરીકિશનભાઇ નો વિશ્વાસ કેળવી, તા.૧૨/૦૯/૧૬ સાંજનાં ૭/૦૦ થી ૭/૩૦ વાગ્યા દરમ્યાન કાલુપુર લિંબુપોળમાં આવેલ જયંતીલાલ અંબાલાલ ચોકસી નામની આંગડીયા પેઢી ખાતે હરીકિશનભાઇનાં ધંધા અર્થે આવેલ નાણાં કુલ રૂપિયા ૧૪,૬૦,૦૦૦/- તથા હરીકિશનભાઇનું એક્ટીવા કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- લઇ પલાયન થઇ જઇ હરીકિશનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. જે હરીકિશનભાઇની તા.૧૨/૯/૧૬ નારોજ તબીયત બગડતાં એ.પેક્સ.હોસ્પીટલ ખાતે દાખલ કરેલ હતા. જેમનું સારવાર દરમ્યાન તા.૨૪/૯/૧૬ નારોજ મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ઝીલરીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**નવરંગપુરા** : જગતભાઇ અરવિંદભાઇ સોજા (રહે.કામેશ્વર એલીગન્સ, વંદેમાતરમ ચાર રસ્તા, ગોતા) એ તા.૨૨/૧૦/૧૬ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૪/૦૯/૧૬ થી આજદીન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી (૧) અભીષેક રાજેશભાઇ જાની (રહે.કાળા પથ્થરના મકાન પાસે, જ્ઞાનેન્દ્ર ચોક, ભક્તીનગર સર્કલ, રાજકોટ) અને (૨) વિરલભાઇ કેસરીયા (રહે.અવધ એપાર્ટમેન્ટ, કાંતા વિકાસ મઇન રોડ, રાજકોટ) એ ભેગામળી નવરંગપુરા સમર્થેશ્વર મહાદેવ મંદિર પાસે અર્જુન કોમ્પ્લેક્ષમાં પહેલા માળે આવેલ વસુધા ટુરીઝમની ઓફિસમાં જગતભાઇનાં ગ્રાહકોને સીંગાપુર, મલેશીયા મોકલવા માટેના રોકડા રૂપીયા ૧,૩૦,૦૦૦/- મેળવી લઇ, જગતભાઇના ગ્રાહકને સીંગાપુર નહીં મોકલી કે પૈસા પાછા નહીં આપી, જગતભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**નારણપુરા** : અરૂણાબેન વા/ઓ રમેશભાઇ શાહ (ઉ.વ.૬૪)(રહે.આંગી ફ્લેટ નં-5, લોખંડવાલા સોસાયટી, ચાર રસ્તા, નારણપુરા) એ તા.૨૨/૧૦/૧૬ નારોજ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૨/૧૦/૧૬ ના કલાક ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીક ત્રણ અજાણ્યા પુરૂષ (૫૦ થી ૫૫ વર્ષનાં આશરાનાં) અરૂણાબેને પહેરેલ સોનાની બંગડીઓ નંગ-૪ કુલ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- મતાની કઢાવી, તેનું પડીકુ બનાવી, અરૂણાબેનની નજર ચુકવી અસલ પડીકુ બદલી નાંખી ડુપ્લીકેટ બંગડીનું કાગળનું પડીકુ આપી નાસી જઇ અરૂણાબેન સાથે વિશ્ર્વાસઘાત અને છેતરીપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.

**મણીનગર** : સૈમસભાઇ લક્ષ્મણભાઈ સોમૈયા (બૌદ્ધ)(ઉ.વ.૨૫)(રહે,માખાવાડ, તા.લોધિકા, જી.રાજકોટ) એ તા.૨૨/૧૦/૧૬ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે છેલ્લા ૧૧ માસ દરમ્યાન અવાર-નવાર આરોપી કલ્પેશભાઈ મગનભાઈ પટેલ (રહે,સિદ્ધિવિનાયક હોસ્પીટલની બાજુમાં, રેલ્વે કોલોની બિલ્ડીંગ નં.૫, મણિનગર) એ પોતાના ઘરે સૈમસભાઇને "હું તમારા પિતાનો દુરનો સંબંધી છું અને વિઝાનું કામ કરુ છું" તેમ કહી સૈમસભાઇને વિશ્વાસમાં લઈ, યુ.કે.ના વિઝા કરાવી આપવાનું જણાવી સૈમસભાઇ પાસેથી ઓરીજનલ પાસપોર્ટ, ધોરણ ૧૦ અને ૧૨ ની ઓરીજનલ માર્કશીટ, ઓરીજનલ સર્ટીફીકેટ, પાસપોર્ટ, ઓઈજનલ ડોક્યુમેંટ અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૨,૮૦,૦૦૦/- મેળવ્યા બાદ, તે પૈકી રૂપીયા ૨,૧૦,૦૦૦/- સૈમસભાઇનાં બેંક એકાઉંટમાં પરત જમા કરાવી બાકીનાં રૂપીયા ૭૦,૦૦૦/- સૈમસભાઇને પરત નહીં આપી, સૈમસભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એમ.તેજોત ચલાવે છે.

**<u>પોલીસની ખોટી ઓળખ આપી દાગીના ઉતરાવ્યા :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૯૪૦/૧૬</u>**

**વસ્ત્રાપુર** : મધુકાંતાબેન મનહરલાલ મહેતા (ઉ.વ.૭૭)(રહે.આશના વિભાગ-૨ પ્રેસ્ટીઝ ટાવરની સામે ચીફ જસ્ટીઝ બંગ્લોઝ વાળી ગલીમાં, બોડકદેવ) એ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૧૦/૧૬ ના કલાક ૧૦/૦૦ વાગ્યાનાં સુમારે એમ્બીયન્સ ટાવરની બાજુમાં રોહિણી ગાર્ડની પાસેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન ત્રણ અજાણ્યા પુરૂષ (૨૫ થી ૪૦ વર્ષના આશરાનાં) મધુકાંતાબહેનને પોલીસનાં ખોટા આઇકાર્ડ બતાવી, પોલીસની ખોટી ઓળખ આપી, મધુકાંતાબહેનનાં હાથમાં પહેરેલ સોનાની ચાર બંગડીઓ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મતાની હાથમાંથી ઉતારી લઇ, કાગળના પડીકામાં ખોટી બંગડીઓ આપી લઇ જઇ નાસી ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એસ.બોદર ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૪૧/૧૬**

**સોલા હાઇકોર્ટ** : કુલદીપ પ્રવીણભાઇ હોથા (ઉ.વ.૨૬)(રહે,હરીવીલા બંગ્લોજ, જે.કે.પાર્કની સામે, ગોતા સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૧૦/૧૬ રાતના ૧૧/૦૦ થી તા.૨૨/૧૦/૧૬ ના કલાક ૭/૩૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ કાઢી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાનાં કબાટમાંથી સોના-ચાંદીના જુદા-જુદા દાગીના કિંમત રૂપિયા ૮,૭૯,૦૦૦/-, લેપટોપ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૧૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯,૦૪,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.વી.રાણા ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૯૪૨/૧૬**

**માધવપુરા** : ઉષાબેન W/o અમૃતગીરી ગૌસ્વામી (ઉ.વ.૬૦)(રહે.ઉમંગ ફ્લેટ, જશોદાનગર, ત્રિકમપુરાના પાટીયા, અન્નપુર્ણા હોટલની પાછળ, બરોડા એક્સપ્રેસ હાઈ-વે રોડ ઘોડાસર) તા.૨૨/૧૦/૧૬ ના કલાક ૧૧/૨૦ થી ૧૧/૩૦ વાગ્યા દરમ્યાન પ્રેમ દરવાજા સર્કલથી પ્રેમ દરવાજા BRTS બસ સ્ટેન્ડ સુધી એક શટલ ઓટો રિક્ષામાં બેસી કરેલ મુસાફરી દરમ્યાન આરોપી રીક્ષા ચાલક (ઉ.વ.૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) અને રીક્ષામાં પાછળ પેસેન્જર બે છોકરાઓ(ઉ.વ.૨૦ થી ૨૫ વર્ષના આશરાનાં) અને એક સ્ત્રી (૪૦ થી ૪૫ વર્ષનાં આશરાની) એ ભેગામળી ઉષાબેનના ગળામાં પહેરેલ સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ઉષાબેનની નજર ચુકવી ચોરી કરી લઈ ગયા છે. આ અંગેની ફરીયાદ ઉષાબેન ગૌસ્વામીએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.નિનામા ચલાવે છે.

**સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૯૪૩/૧૬**

**ઘાટલોડીયા** : જમુબેન ધરમશીભાઇ દેસાઇ (ઉ.વ.૬૫) (રહે,મધુવૃંદ ટેનામેન્ટ, ઘાટલોડીયા) તા.૨૨/૧૦/૧૬ બપોરના ૪/૪૫ વાગ્યાના સુમારે ઘર નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) જમુબેનનાં ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૬૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જમુબેન દેસાઇએ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**નારણપુરા** : સોનલબેન વા/ઓ નિરજનભાઇ પ્રજાપતિ (ઉ.વ.૩૬)(રહે.દેવી અન્નપુર્ણા સોસાયટી, ગુરૂદ્વારાની પાછળ, એસ.જી.હાઇવે, થલતેજ) તા.૨૨/૧૦/૧૬ રાતનાં ૮/૪૫ વાગ્યાના સુમારે શાસ્ત્રીનગર ચાર રસ્તાથી આગળ ખેંતી બેંન્કની સામેથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ(૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) સોનલબેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સોનલબેન પ્રજાપતિએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.વાણીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ** : માયાબેન વા/ઓ રામસરણસિંગ ગૌતમ (રહે.જલપરી સોસાયટી, સુમીનપાર્કની બાજુમાં વસ્ત્રાલ) તા.૨૨/૧૦/૧૬ સવારનાં ૯/૪૫ વાગ્યાના સુમારે ઓઢવ મીરાબાઇના સર્કલ પાસેથી ચાલતાં પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષનાં આશરાનાં) માયાબેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ માયાબેન ગૌતમે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એન.સોલંકી ચલાવે છે.

**એલીસબ્રીજ** : મધુબેન વા/ઓફ વસંતભાઇ નાયક (ઉ.વ.૬૬)(રહે, રાજ એપાર્ટમેન્ટ કોઠાવાલા ફ્લેટ પાછળ, કોચરબ રોડ, પાલડી) તા.૨૧/૧૦/૧૬ ના કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે આંબાવાડી ભુદરપુરા મારવાડીવાસ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ મધુબેનનાં ગળામાંથી સોનાની રૂદ્રાક્ષની માળા કિંમત રૂપિયા ૫૨,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ મધુબેન નાયકે એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.એન.ખોખરા ચલાવે છે.

**માધવપુરા** : પીન્કીબેન W/o પુષ્કર વીરચંદ મીણા (ઉ.વ.૨૪)(રહે.ગામ.મેનાલ ગામ, તા.બેગુ જી.ચિત્તોડગઢ રાજસ્થાન) તા.૨૨/૧૦/૧૬ રાતના ૮/૪૦ વાગ્યાના સુમારે રીલાયન્સ મોલના મેઈન ગેટ આગળ, સ્વામિનારાયણ મંદિરની સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પીન્કીબેનનાં ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૯,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પીન્કીબેન મીણાએ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વી.એમ.ઝાલા ચલાવે છે.

<u>**દાઝી જતાં મૃત્યુઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૧૯૪૪/૧૬**</u>

**દાણીલીમડા** : અંકુર અખ્તરસિંગ પ્રજાપતિ (ઉ.વ.૧૮)(રહે.લક્ષ્મીનગર રંગોલી સોસાયટીની બાજુમાં, નારોલ) તા.૦૬/૧૦/૧૬ રાતના ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે દાણીલીમડા ખોડીયાર નગર ચાર રસ્તા પાસે આવેલ રૂષભ કાપડની ફેકટરીમાં કામ કરતી વખતે મશીનમાં કાપડ ફસાઇ જતાં કાઢવા જતાં પગ લપસી જતાં, અંકુર ગરમ પાણીની કુંડીમાં પડી જતાં શરીરે ગંભીર રીતે દાઝી ગયેલ હોઇ સારવાર માટે તેને વા.સા. હોસ્પિટલમાં દાખલ કરેલ હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૫/૧૦/૧૬ બપોરના ૧/૧૫ વાગે અંકુરનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત દાખલ કરી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એલ.પટણી ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)